# મૂર્તિ

સર્વ સાધનનું ફળ

મે-જુન, ૨૦૨૫
વર્ષ : ૨૨ અંક : ૦૫-૦૬
વાર્ષિક : ₹૫૦/-





નૂતન સહજાનંદ મંડપમ્ ઉદ્ઘાટન તા.૭/૫/૨૦૨૫



શ્રી ઘનશ્યામ દશાબ્દી મહોત્સવ પારાયણ પ્રારંભ તા. ૮/૫/૨૦૨૫



સદ્. શા. શ્રી શ્રીજીપ્રકાશદાસજી સ્વામી

સદ્. શા. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી



સભામંડપના દાતાઓ તથા મહોત્સવના યજમાનશ્રીઓને આશીર્વચન આપતા સદ્. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી







પાટોત્સવ ઉપલક્ષ્યે અન્નકોટોત્સવ



નૂતન સહજાનંદ મંડપમાં દાતાશ્રીઓ, યજમાનશ્રીઓ તથા હરિભક્તોએ કરેલ હોમાત્મક મહાપૂજા. તા. ૭/૫/૨૦૨૫



RNI No.: GUJGUJ/2004/52455

# મૂર્તિ

મે-જુન : ૨૦૨૫ • વર્ષ : ૨૨ • અંક : ૫-૬


**દિવ્ય પ્રેરણા**

પ.પૂ. અ.મુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી



**તંત્રી**

શ્રી કલ્યાણ નારાણ વેકરીયા

**પ્રકાશક**

શ્રી અબજીબાપાની છતેડી અને
હનુમાનજી મંદિર
બળદિયા-ભુજ (કચ્છ)
મોબાઈલ : ૯૦૯૯૦ ૪૯૨૮૨
૯૦૯૯૦ ૪૯૨૮૪
E-mail : abjibapachhatedi@gmail.com
Website : www.abjibapanichhatedi.org

**લવાજમ**

| | |
|---|---|
| વાર્ષિક | : રૂા. ૫૦/- |
| પંચ વાર્ષિક | : રૂા. ૨૦૦/- |
| ૨૦ વાર્ષિક | : રૂા. ૫૦૦/- |
| વિદેશમાં ૨૦ વાર્ષિક | : રૂા. ૪૦૦૦/- |

**પ્રકાશન તારીખ**

દર માસની ૧૧ તારીખે

**પ્રિન્ટીંગ**

સ્વસ્તિક પ્રિન્ટર્સ-ભુજ
બેઝમેન્ટ, પિંડોરીયા ચેમ્બર્સ,
ન્યુ સ્ટેશન રોડ, ભુજ - કચ્છ.
E-mail : swastik.gr@gmail.com













પોથીયાત્રા અને છાબ ભેટ










શ્રી ઘનશ્યામ મહારાજ દશાબ્દી એવમ્ પાટોત્સવ ઉપલક્ષ્યે ફુલો તથા પંચામૃત/કેશરથી અભિષેક અને શ્રી હરિયાગ





















શ્રીમદ્ સત્સંગિભૂષણ ગ્રંથ પારાયણ પ્રસંગે કથામૃતનું પાન કરવતા સદ્. શા. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી તથા આશીર્વચન પાઠવતા ગુરૂ સદ્. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી
(તા. ૮/૫/૨૦૨૫ થી ૧૨/૫/૨૦૨૫)



શા. શ્રી હરિકૃષ્ણદાસજી સુરત

શા. શ્રી હરિપ્રિયદાસજી સુરત

શા. શ્રીરંગદાસજી સ્વામી વટામણ

શા. શ્રી મહાત્માદાસજી સુ.નગર

શા. શ્રી હરિપ્રિયદાસજી રાજકોટ

શા. શ્રી વિવેકસાગરદાસજી ધ્રાંગધ્રા

શા. શ્રી શ્વેતવૈકુંઠદાસજી હળવદ



ધારાસભ્ય શ્રી ત્રિકમભાઈ છાંગા - અંજાર

શ્રી ગોવિંદભાઈ વેકરીયા

શ્રી રવજીભાઈ વરસાણી

શ્રી બાબુભાઈ ડુંગરાણી

શ્રી રાકેશભાઈ પટેલ

શ્રી રવજીભાઈ કેરાઈ

શ્રી કલ્યાણભાઈ વેકરીયા









# શ્રી ઘનશ્યામ મહારાજ દશાબ્દી એવમ્ પાટોત્સવ મહોત્સવ

(તા.: ૦૮/૦૫/૨૦૨૫ થી ૧૨/૦૫/૨૦૨૫)

લેખન : પ્રફુલ ગાંધી - અમદાવાદ
સંકલન : કલ્યાણ વેકરીયા - બળદિયા

- **શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાહ્ન પારાયણના વક્તા સદ્. શા. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી**
- **સંહિતા પાઠના મુખ્ય વક્તા : સદ્. શા. શ્રી શ્રીજીપ્રકાશદાસજી સ્વામી**
- **સભા સંચાલન : અ.મુ. શ્રી બાબુભાઈ ડુંગરાણી**
- **પ્રથમ દિન - (પ્રથમસત્ર) (તા. ૮.૫.૨૦૨૫)**
- **મહાપૂજા બાદ પોથી તથા વક્તા મહોદયશ્રીનું પૂજન** : મુખ્ય યજમાનશ્રી, સહયજમનશ્રી, છત્રી સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, મિશન સંસ્થાના ટ્રસ્ટીઓ તથા મહેમાનોએ મહાપૂજા કરી ત્યારબાદ અખંડધૂન મંડપમાં ઉદ્‌ઘાટન કરી અખંડધૂનની શરૂઆત કરવામાં આવી.
- સંગીતજ્ઞો, કીર્તન-ભક્તિ ધૂન કર્યા બાદ મહોત્સવના મુખ્ય મહેમાન, સહયજમાન, આમંત્રીત મહેમાનો, છત્રી સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, સ્વામિનારાયણ ડીવાઈન મીશનના ટ્રસ્ટીશ્રીઓ વગેરે તથા સ્ટેજ ઉપરથી જાહેર થયેલ હરીભક્તો વગેરે દ્વારા વક્તા મહોદયશ્રીનું પૂજન તથા પોથી પૂજન કરી આરતી ઉતારવામાં આવી. ત્યારબાદ સ્વાગત નૃત્ય સંસ્કારધામના વિદ્યાર્થીઓએ કર્યું. ''આવો રે આવો.... આતિથ્ય સ્વીકારો.''
- **શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાહ્ન પારાયણ વક્તા મહોદય શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી**
- પહેલગામમાં થયેલ નિર્દોષ લોકોની હત્યા માટે એમના કલ્યાણ માટે આપણે એક મિનિટ મૌન પાળીએ. ત્યારબાદ કથા પારાયણ શરૂ કરીએ. (૧ મીનીટનું મૌન)
- ભગવાન સ્વામિનારાયણની પ્રેરણાથી વાસુદેવાનંદસ્વામીએ સત્સંગિભૂષણ શાસ્ત્રની રચના કરી છે.
- ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચાર સાધનમાં ભક્તિ વિશેષ છે. જયારે ધર્મ, જ્ઞાન અને  વૈરાગ્ય એ ત્રણ ભક્તિના સહાયકરૂપ છે.
- જ્ઞાન તથા ગુણ એ વાત આ શાસ્ત્ર સમજાવે છે. આપણા જીવનમાં એક સ્વામિનારાયણ ભગવાનનું સ્થાન હોવું જોઈએ.
- વૈશાખ સુદ -૧૧, તા. ૮-૫-૨૦૨૫નો દિવસ છે અને ઝાલાવાડમાં મહિને મહિને સભા કરતા હતા. એવો દશાબ્દી મહોત્સવ શરૂ થયો છે.
- સર્વના આત્મા, જગતની ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલયના કર્તા, અકર્તા, અન્યથા કર્તા જેના ઉપર કોઈની સત્તા નથી જે સર્વના સુખરૂપ છે ને સર્વોપરી પરમાત્મા સ્વામિનારાયણ ભગવાનની પ્રાર્થના વાસુદેવાનંદ બ્રહ્મચારી કરે છે.
- પ્રત્યક્ષ ભગવાન સ્વામિનારાયણ છે. તે પોતે કૃપા કરીને સંકલ્પ કરીને પૃથ્વી ઉપર આપણને મનુષ્યરૂપે મળ્યા છે દેખાયા છે, અને ઓળખાયા છે.
- જેતલપુરમાં શિયાણી ગામના શિવરામ વિપ્ર બ્રહ્માનંદ સ્વામીને શાંતિનો ઉપાય શું છે તે મને બતાવો તેમ પૂછે છે.
- બ્રહ્માનંદ સ્વામી કહે છે કે જંગલમાં રહો કે ઘેર રહો પણ જ્યાં સુધી પ્રગટ ભગવાનનો આશરો નથી એનું શરણું નથી ત્યાં સુધી શાંતિ નથી થતી. તપ, ત્યાગ કે યોગથી શાંતિ નથી થતી તે કેવળ પરમાત્માનું અખંડ ચિંતવન, મનન, નિદિધ્યાસ  ધ્યાન કરવાથી મલે છે.
- શિવરામ વિપ્ર પછી પોતે અખંડાનંદ બ્રહ્મચારી થયા છે.
- સર્વ પ્રથમ શતાનંદ સ્વામીના શિષ્ય વ્યાપકેશ મુનીએ તાવી ગામના રાજા જયેષ્ઠજીત વડતાલમાં ગોમતીજીના કાંઠે પહોંચે છે ત્યાં ભગવાનની વાત કરે છે.
- સ્વરૂપ અનંત છે પણ તેના સ્વરૂપી એક છે. અમદાવાદમાં મહારાજ કહે છે. આ નરનારાયણદેવ અમારું સ્વરૂપ જાણીને પધરાવ્યા છે.
- બીજું મંદિર શ્રીજી મહારાજે મૂળીમાં બંધાવ્યું છે. મૂળીના રાજા રામાભાઈ પરમારની ઈચ્છાથી મંદિર બનાવ્યું છે.
- બ્રહ્માનંદ સ્વામીને મહારાજે દર્શન આપી પત્થરની ખાણ બતાવી છે. ભગવાન પોતાના ભક્તના મનોરથ પૂર્ણ કરે છે.
- મહારાજે વડનગર વીશનગરથી આવીને જસદણના ભોયરા ગામે આવીને ભક્તની રક્ષા કરી છે.
- તેવીજ રીતે ગઢડાથી બુરાહનપુર ગોવિંદરામ વિપ્રને મોકલી પોતાના હરિભક્તોની રક્ષા કરી છે.
- શ્રીકૃષ્ણ ભગવાને એક જ રાતમાં વિશ્વકર્મા પાસે દ્વારકામાં મહેલ બંધાવ્યો છે.
- બાપાશ્રીને સંતોએ મૂળી મંદિરનો ૧૦૦ વર્ષનો પાટોત્સવ થશે કે નહિ પૂછ્યું ત્યારે બાપાશ્રી કહે છે મહોત્સવ થશે. અમારે કરવો છે.
- બ્રહ્માનંદ સ્વામી મોના સલાટની સાથે આવે છે અને મહારાજ ભરવાડના વેશે છડી થી બતાવે છે અને પછી ત્યાં ખોદાવ્યું ત્યારે ત્યાંથી પાકા પત્થર તૈયાર હોય તેવા તરત જ મલ્યા છે.
- શરદ પૂનમના દિવસે ભક્તિ માતાની પ્રસન્નતાર્થે બધી ગોપીઓ રાસ રમે છે. એને ભૂમાનંદ સ્વામી ઘનશ્યામ લીલામૃતમાં આ વાત લખી છે. અને રાધાકૃષ્ણની પ્રતિષ્ઠા મૂળીમાં હંમેશા સેવા માટે કરી છે.
- રામપરા અને ખોલળીયાદના હરિભક્તો મૂળીમાં હંમેશા સેવા



દશ ઈન્દ્રિયો ને અગીયારમું મન તેમને પોત પોતાના વિષયમાંથી કાઢીને ભગવાનમાં જોડવા તેને એકાદશીનું વ્રત કર્યુ કહેવાય.

માટે હાજર હોય છે.

- શ્રીજીમહારાજ ભરવાડના વેશે આવીને બ્રહ્માનંદ સ્વામીને જુની વાવ જે બુરાઈ ગઈ હતી તે બતાવે છે અને તેમાંથી પાણી નીકળે છે.
- સરોવર, તરુવર, સંત આ બધાય પરમાર્થીઓ છે.
- ''બિનુ હરીકૃપા મિલે નહીં સંતા.....''
- ''સંત પરમ હિતકારી જગતમાંહી સંત પરમ હિતકારી......''
- એવા સંત મળે ત્યારે જન્મ મરણ રહીત કરે છે.
- બ્રહ્માનંદ સ્વામી પત્થરની શીલાને કહે છે કે પૂજાવું હોય આરતી કરાવી હોય, લાડવા ખાવા હોય તો આવી જાવ અને તે ૧૦ ૧૦ ફુટની શીલા હલકી થઈ ગઈ અને પછી મૂળી મંદિરમાં ગણપતિ અને હનુમાનજીની મૂર્તિ થઈ જે આજે પૂજાય છે.
- ગોમતીજીના કિનારે જયેષ્ઠ જીત રાજા આવે છે અને કથા સાંભળે છે. વ્યાપકેશ મુની કથા કરે છે.
- આ સભામંડપ શ્રીજી મહારાજ અને બાપાશ્રીના સંકલ્પથી થયો છે. તેમાં જે કોઈ આવશે તેમને સહેજે આનંદ આવશે.
- ધ્રાંગધ્રાના કૃષ્ણશંકર શાસ્ત્રી ને સત્સંગીભૂષણના એક શ્લોકમાં ભૂલ લાગે છે. ત્યારે રાત્રે વાસુદેવાનંદ બ્રહ્મચારી સાક્ષાત દર્શન આપીને તેમને તે શ્લોકની સંધી તથા અર્થ સમજાવે છે. ત્યારે તે શાસ્ત્રીને સ્વામિનારાયણ ભગવાન તથા તેમના સંતોનો અતિ મહાત્મ્ય સમજાય છે.
- ''હરિકૃષ્ણ, હરિકૃષ્ણ, સ્વામિનારાયણ પ્રભુ...''
- આ નાદ આજની તારીખમાં જેતલપુરમાં સંભળાય છે.
- **<u>સદ્. શાસ્ત્રી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી (વેલજા સુરત) :</u>**
- જેને અહીં બેસવા મલે તેના કરોડો જન્મના પાપ બળી જાય.
- મોટા ક્યાં પરોક્ષ થાય છે? તેમ ગુણાતીતાનંદ સ્વામી કહે છે.
- ગ.મ.૫૯ ભગવાનને ભગવાનના સંત તે સર્વથી અધિક છે. મુક્તને મુક્તના સંગમાં બેસવા મલે તે સર્વથી અધિક છે. ત્યારપછી તેમના કર્મ સર્વે બળી જાય છે.
- ''મળે જીવન મુક્ત તે જોગીયા''
- જીવતા થકા મુક્ત દશા ભોગવે છે તેને જીવનમુક્ત કહે છે.
- એવા સાધુ સાથે આપણી સ્વની પરખ થાય છે. પંડે જેવા હોય તેવા જણાઈ ગયા તો તે બહુ મોટી વાત છે.
- ખુંખાર સિંહને જે બાપડો બનાવે તે એવા સંત છે.
- આખા જગત ઉપર શાસન કરી શકે પણ પોતાની જાતને નથી ઓળખી શકાતો.
- પાંચ જણ કહે ત્યારે આપણે માનીએ છીએ પણ આપણે આત્મા છીએ એમ ખબર નથી પડતી.
- કુંભારીયાના હરજીભાઈ તેમણે ભૂજ મંદિરની ખૂબ સેવા કરેલી છે. ભૂજ મંદિરના સંતો હરજીભાઈની ખાતર બરદાસી કરે છે. પણ તેમને દાળમાં મીઠું થોડું ઓછું હોવાથી દાળનો તીરસ્કાર કર્યો ત્યારે મુક્તરાજ બાપાશ્રી તેમને બોલાવી વાત કરી કે આપણે શું સંતો પાસે ધાર્યું કરવા આવ્યા છીએ? સેવા કરીને આપણે ધાર્યું કરવું છે? જો સેવા કરો છો તો તેના ઉપર પાણી ન ફેરવો. પણ દાસના દાસ થઈને રહેવું તે છે. બાપાએ ખુબ જ સમજાવ્યું અને હરજીભાઈનું હૃદય બાપાની વાણીથી વીંધાઈ ગયું. બાપાએ કહ્યું કોઈ દિવસ કલેશ કરવો નહી પછી તો આખી જીંદગી છાસ ને રોટલો જમતા હતા.
- ''તુલસી ચંદન બાવના સબ પલ પલટન હાર......''
- બાવના ચંદન પાસે લીંબડો હોય તો તેને ચંદનની સુગંધનો રંગ લાગે પણ વાંસ હોય તેને બાવના ચંદનની અસર નથી થતી.
- અહીં આજે વૈશાખના તાપનો અનુભવ નથી થતો પણ વરસાદના કારણે હિમાલય જેવી ઠંડક વર્તે છે.
- **<u>સદ્. શા. શ્રી હરિપ્રિયદાસજી સ્વામી (વેલજા સુરત) :</u>**
- સુરપુર, નરપુર, નાગપુર, એ તીનમેં સુખ નાહીં....
- બાપાશ્રીના મહિમાની વાત કરે છે. બાપા મૂળીમાં રાત્રે એક સંત ધ્યાન કરતા હતા ત્યારે તેમને કહ્યું કે સાધુરામ આજ કરવાનું છે. એમ કહ્યું ત્યાર પછી તે સંતને અખંડ મૂર્તિ સિધ્ધ થઈ ગઈ.
- બાપાશ્રીના પાણીના લોટાનું એક હરિજને પાણી પીધેલ. ત્યારે અંત સમયે તેમને બાપાશ્રી સ્વામિનારાયણ ભગવાન સાથે તેડવા આવ્યા ત્યારે તે હરિજને પોતાના છોકરાને બાપાનો એક ચામડામાંથી સરસ રાસ બનાવી આપવા વાત કરી હતી. પછી છોકરાએ રાસ (દોરડી) બનાવી બાપાશ્રીને આપી.
- સ્વામિનારાયણ મહામંત્ર ધુન સાથે પ્રથમ સત્રની સભાની સમાપ્તિ.
- **<u>પોથી તથા વક્તા મહોદયશ્રીનું પૂજન :</u>**
- પ્રથમ દિન : દ્વિતીય સત્ર તા. ૮.૫.૨૦૨૫ કિર્તન ભક્તિ કરી રહ્યા બાદ વક્તાશ્રીનું પૂજન કરવામાં આવ્યું. અને પ્રવચન લેવામાં આવ્યું.
- **<u>સદ્. શ્રી શ્વેતવૈકુંઠદાસજી સ્વામી (હળવદ) :</u>**
- જેના હૃદયમાં એમ હોય કે સંતનું કે ભગવાનનું આટલું વચન મનાશે અને આટલું નહીં મનાય તેના ઉપર પૂર્ણ પ્રસન્નતા ભગવાનની ન થાય. એમ વચનામૃતમાં કહ્યું છે.
- મહારાજની મરજી જોઈ સેવા કરે તેના ઉપર ભગવાન વિશેષ રાજી થાય.
- આપણે મહારાજ ને એમના મુક્તો રાજી થાય તેવા પ્રયત્ન કરવા.

- આપણે તેમની અનુવૃત્તિમાં રહીને સેવા કરવી.
- સત્સંગમાં દિવ્ય ભાવ રાખવો.
- મોટા મોટા સંતોએ ભગવાનની પ્રસન્નતા માટે ખૂબ જ પ્રયત્નો કર્યા છે.
- સત્સંગીઓનું પોષણ વચનામૃત, બાપાશ્રીની વાતોથી થાય છે.
- હિરજીભાઈ નરસિંહભાઈ હળવદના ધામમાં પધાર્યા તેમના ગુરૂ શ્વેતવૈકુંઠદાસજી સ્વામી હતા. તેમણે ૨૦૦ ઉપરાંત વચનામૃતની પારાયણ કરી હતી.
- એમની શ્રદ્ધાંજલિમાં ભક્તોએ ૧૧ વચનામૃતની પારાયણનો નિયમ લીધો હતો.
- આપણા કારણ સત્સંગમાં વચનામૃતની પારાયણ અવશ્ય કરવી.
- લાડુબા, જીવુબા, દાદા ખાચર એ બધાને ભગવાન સ્વામિનારાયણ વિશે કેવો પ્રેમ હતો! તેમણે ભગવાનને સર્વસ્વ અર્પણ કર્યું હતું તેથી મહારાજે કહ્યું છે ''ગઢડું મારું ને હું ગઢડાનો તે તો કદી નથી મટવાનો...''
- મહારાજ ગમે ત્યાં જાય પણ અંતે પાછા દાદા, જીવુબા, લાડુબાના પ્રેમને વશ થઈ પાછા ગઢડા આવતા. ભગવાનને પોતાના પ્રાણ કરતા વધારે વ્હાલા કરીને રાખતા.
- લાડુબા, જીવુબા કરિયાણાથી પાછા આવતા હતા ત્યારે વગડામાં એક સંત સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરતા હતા. સંગ્રહણીનો રોગ હતો જે ખાય તે પેટમાં ટકે નહી. તેમણે સંતોને પોતાના વેલમાં બેસાડી ગઢપુર લાવ્યા તથા તેમની ૨ મહિના સેવા કરી. સંતને જે ઈચ્છા થાય તે બનાવી જમાડતા. એક વખત રાતે તાંદળજાની ભાજી અને બાજરાનો રોટલો જમવાની ઈચ્છા સંતે બતાવી. ત્યારે લક્ષ્મીવાડીએથી સચ્ચિદાનંદ સ્વામી પાસે રાત્રે તાંદળજાની ભાજી મહારાજના નામે મંગાવી સંતને જમાડ્યા. પછી બીજે દિવસે મહારાજ પાસે મહારાજના નામે સચ્ચિદાનંદ સ્વામી પાસેથી ભાજી મંગાવી એ સંતને જમાડ્યા ત્યારે મહારાજ ખુબ જ રાજી થયા અને તમે કોઈ ભૂલ નથી કરી તમે અમારી મરજી જાણીને કામ કરો છો માટે અમે તમારા ઉપર ખૂબ જ રાજી છીએ એમ કહ્યું.
- દાદા ખાચરે મહારાજના વખતમાં હજારો સંતો રહેતા તેમને બધાયને નિભાવ્યા અને પોષણ કર્યું છે.
- મહારાજ સંતોને પીરસીને જમાડતા ત્યારે પાંચ પાંચ વખત ફરીને જમાડતા.
- બાપા કહે અહીં ૩૦ - ૩૦, ૪૦ - ૪૦ સંતો આવતા. અમે તેમની સેવા કરતા. કેરી ઘોળીને રસ જમાડતા. યજ્ઞમાં ૪૦૦-૫૦૦ સંતો આવતા અને ૩૦૦૦૦ જેટલા ભક્તો આવતા અને બાપા બધાયની સેવા કરતા. ઘરેથી ઘી વગેરે બધુંય મંગાવીને સંતોને જમાડતા.
- બાપાને સંતોને વિશે ખુબ જ પ્રેમ હતો. નિર્ગુણદાસજી સ્વામી ૩૦-૩૦ સંતો સાથે બે બે, ત્રણ ત્રણ મહિના રહેતા.
- ચાર ધામ યાત્રાએથી બાલમુકુંદદાસજી સ્વામી તથા વિજ્ઞાનદાસજી સ્વામી જેવા ૨ સંતો મલે તો લેતા આવજો. એમ હરિભક્તોને ગુણાતીતાનંદ સ્વામીએ વાત કરી ત્યારે તેઓ કહે કે આવા સંતો તો ક્યાંથી મળે માટે એવા સંતો હતા.
- **<u>સદ્. શા. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી :</u>**
- સત્સંગિભૂષણની પારાયણ થાય ત્યાં બધાય તીર્થો આવીને નિવાસ કરે છે.
- ભગવાનને પામવા માટે એકાંતિકી ભક્તિ કેમ પ્રાપ્ત થાય ? તેમ પ્રશ્ન શિવરામ વિપ્ર બ્રહ્માનંદસ્વામી ને પૂછે છે.
- ૧. પ્રણીપાત - દંડવત પ્રણામ કરી શરણાગત સ્વીકારવું.
- ૨. પ્રણીપ્રશ્ન - મનમાં પ્રશ્ન થવો જોઈએ ભગવાનના સ્વરૂપ સમજવા માટે પામવા માટે.
- ભગવાનના સંબંધ વાળી કોઈપણ ક્રિયા એકાંતિકી છે. આપણા મનને નવરું ન રાખવું. ભગવાનના ચરિત્રમાં ઘુંચવી નાખવું. એક ચરિત્ર જોયું અને બીજું જોવું ચાલુ જ રાખવાનું.
- વિશ્વકર્મા બાળ ઘનશ્યામ માટે પારણું લાવે છે અને ભક્તિમાતાને આપે છે તથા તે પારણામાં ઘનશ્યામ મહારાજને ઝુલાવે છે.
- ''માતા પ્રેમવતી ઝુલાવે કુંવરકાન ને રે .........''
- આકાશમાંથી દેવતાઓ આવે છે પુષ્પવૃષ્ટિ કરે છે. ઘનશ્યામ પ્રભુના દર્શન કરે છે.
- ભગવાનના સ્નેહ વડે સેવા કરવી તેનું નામ ભક્તિ છે.
- નવધા ભક્તિમાંથી જે ઠીક લાગે તે પ્રમાણે ભગવાનની ભક્તિ કરવી.
- લોક લજ્જાનો ત્યાગ કરી નિર્મળ હૃદયથી ઉંચે સ્વરે ભગવાનની ભક્તિ કરવી.
- અહીં કૃષ્ણ સરોવરમાં મહારાજ સંતો સાથે નાહ્યા અને કહે અમે અહીં અખંડ વાસ કરીને રહ્યા છીએ.
- પૂર્વ દિશામાં સરોવર તેને અડીને મંદિર આવું દિવ્યસ્થાન છતેડી છે. જ્યાં તરત મન સ્થિર થાય મહારાજનો સાક્ષાત્કાર થાય છે.
- સજાતી વગર સુખ આવે નહીં આપણને વિજાતીથી બચાવી સજાતી કરી ભગવાને પોતાનું સુખ આપ્યું છે.
- સ્વામિનારાયણ મહામંત્ર સાથે આજની બીજા સત્રની કથાની સમાપ્તિ થઈ.
- **<u>સદ્. શ્રી વિવેકસાગર સ્વામી (ધ્રાંગધ્રા):</u>**
- ભગવાનની મૂર્તિનું સુખ લેવા માટે આ નવું સોપાન તૈયાર થયું છે.
- આ છત્રી ઉપરથી પક્ષી ઉડીને જાય તે પણ આ આત્યંતિક

કલ્યાણ પામે.

- બધાય ભક્તોના સાથ સહકારથી આ મંડપનું સરસ આયોજન થયું છે. ત્યારે અહીં શાંતિથી બેસી કથા સાંભળી શકીએ છીએ.
- મહારાજ દુધ પોતાના બાળ મિત્રોને આપતા તથા તેની જગ્યાએ નારાયણ સરોવરનું પાણી નાખી દેતા એવી અલૌકિક લીલા કરતા.
- આ મંડપ માટે જેને જેને સેવા કરી છે તેને મહારાજ ખુબ સુખી કરે તેવી પ્રાર્થના.
- **<u>દ્વિતીય દિન - (પ્રથમ સત્ર) (તા. ૯.૫.૨૦૨૫)</u>**
- **<u>પોથી તથા વક્તા મહોદયશ્રીનું પૂજન</u>** : મુખ્ય યજમાનશ્રી, સહયજમાનશ્રી, છત્રી સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, મિશન સંસ્થાના ટ્રસ્ટીઓ તથા આમંત્રિત મહેમાનો, વિદેશી મહાનુભાવો વગેરે સર્વે વક્તાશ્રીનું પૂજન કરી આરતી ઉતારી.
- **<u>શ્રીમદ સત્સંગિભૂષણ પંચાહ્ન પારાયણ વક્તા મહોદય સદ્. શાસ્ત્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી :</u>**
- ભગવાનને રાજી કરવા માટેનું આ ભક્તિ શાસ્ત્ર સત્સંગિભૂષણ છે.
- નવ પ્રકારની ભક્તિ અને દસમી પ્રેમ લક્ષણ ભક્તિ છે.
- સજાતી થવાથી દેહભાવ જાય અને બ્રહ્મરૂપ થઈ ભગવાન સાથે જોડાવાનું થાય.
- ગોપાળાનંદ સ્વામીને સંતોએ જ્યારે આત્મનિષ્ઠાનું રૂપ શું છે તે પૂછ્યું ત્યારે સ્વામી કહે હવે ખબર પડશે ત્યારે રસ્તામાં ભગવાનના વિરોધીઓ સંતોને પત્થરા મારે છે. સંતો કાંટાવાળી ઘાટી બાવળીમાં છુપાઈ જાય છે. ઘણા કાંટા લાગે છે. ગોપાળાનંદ સ્વામી પછી બધા સંતોના કાંટા કાઢે છે. પણ સ્વામી કાંટા સાથે સારંગપુરથી ગઢપુર આવે છે ત્યારે શ્રીજી મહારાજ પોણો શેર કાંટા ગોપાળાનંદ સ્વામીના શરીરમાંથી કાઢે છે. એને આત્મનિષ્ઠા કહેવાય.
- ભગાવન સાથે સંપૂર્ણ આત્મીયતા કરી હોય ત્યારે ભગવાનનું સંપૂર્ણ કર્તાપણું મનાય.
- દેહરૂપ વર્તાય ત્યાં સુધી ભગવાનનું સુખ ન આવે.
- શુદ્ધ આત્મારૂપે વર્તાય ત્યારે ભગવાનનું સ્વરૂપ સ્થિર થાય.
- ''અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે.......''
- ભગવાનના નામની પાછળ એના સ્વરૂપમાં ભક્ત પાગલ બને છે.
- મૂર્તિ સિદ્ધ કરવી, મૂર્તિમાં સ્થિર થતા શીખવું, મનની એકાગ્રતા સિદ્ધ કરવા માટે આ કરવું. એ કરશો તો તમારામાં અખંડ નિવાસ કરીને રહેશું.
- સદાય આનંદમાં રહેવું હોય તોઃ-
- ૧. અતિશે પ્રિતિ ભગવાનમાં કરવી
- ૨.ભગવાનના સંતો, ભક્તોમાં સગાભાવ, મિત્રભાવ રાખવો. ''કર પ્રભુ સંગાથે દ્રઢ પ્રીતડી રે....''
- ૩. વિમુખની સોબત ગમે નહી અને
- ૪. આત્મનિષ્ઠા દ્રઢ હોય (ઈન્દ્રિયો જીતી હોય)
- ''સુખ સાગર હરીવર સંગે સુખ માણજો.....''
- હરિકથા વિના દુઃખ દુર થતું નથી.
- ''હરિકથા વિના પળ નહીં જાવે....''
- પૃથ્વીની એક પણ જગ્યા નહીં હોય જ્યાં ભગવાનના ચરણારવિંદ ન પડ્યા હોય.
- ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય તો અજ્ઞાન જાય.
- માતાના ઉદરની સજા ન ભોગવવી હોય તો અત્યારે સમય આવ્યો છે તો પુરૂં કરી લેવું તેમ બાપા આપણને કહે છે.
- નિજજનને સુખ દેવા માટે ભગવાન પોતે પ્રગટ થયા છે.
- ઘનશ્યામ પ્રભુની વૃત્તિની પરીક્ષા ભક્તિમાતા તથા ધર્મદેવ કરે છે.
- એક બાજોઠ પર રૂમાલ બીછાવી ચાર વસ્તુ મૂકી ૧. હથીયાર, ૨. રૂપીયા, ૩. વસ્ત્ર અને ઘરેણાં, ૪. પુસ્તકો. ઘનશ્યામ પ્રભુ ભાખોડીયા ચાલતા ચાલતા છેલ્લે ધર્મ શાસ્ત્રરૂપે પુસ્તક લે છે.
- જેતલપુરમાં એક બ્રાહ્મણ એક ચીભળુ લઈ આવે છે અને મહારાજના ચરણમાં મૂકે છે. મહારાજ સભામાં જમે છે. અને ગળામાં સોનાનો હાર હતો તે ભૂદેવને આપ્યો અને રાજી કર્યા.
- રામપ્રતાપભાઈના લગ્નની વાત આવી. તરગામના બળદેવ પ્રસાદની દિકરી સુવાસીની દેવીને ત્યાં થાય છે. લગ્ન થાય છે. ત્યારે ત્યાં બાળ સ્વરૂપ ઘનશ્યામની સાથે બધાય રમવા લાગે છે.
- સજાતી થયા વિના સુખ ન આવે. ''થયા મોહન મનુષ્ય જેવા...''
- એક વખત પારણામાં અનેક રૂપે ભગવાન થયા ત્યારે સુવાસીની ભાભી અચંબીત થઈ ગયા. આમાં સાચું સ્વરૂપ ક્યું છે? એમ વિચાર કરે ત્યારે પ્રતિબિંબમાં ડાબા ગાલે જોઈ અને જમણા ગાલે મૂળરૂપમાં છે. તેમ નક્કી કરી ઘનશ્યામને તેડી લે છે.
- એક વખત ગાયોના દુધ સાચવીને લાવવાની સેવા મળી ત્યારે પોતાના મિત્રો, વેણી, માધવ વગેરેને બધાયને ખુબ દુધ આપે છે અને દુધની જગ્યાએ પાણી નાખે છે એવું પરોપકારી ચરિત્ર કરે છે.
- છપૈયમાં દેવતા, અધિકારીઓ, મુનીઓ વગેરે આવતા અને ભગવાનની સેવા કરતા હતા.
- છપૈયામાં ખાંપા તલાવડીમાં ખાંપો લાગયો હતો તે દેવતાના વૈદ્યને સેવા આપવા માટે આ ચરિત્ર કર્યું છે.
- ''જીવનજી જોવા રે, સખી જીવનજી જોવા....
- છપૈયામાં ચુપે ચાલો, જીવનજી જોવા...''

- બાલ સ્વરૂપનું આકર્ષણ એવું છે કે તે જોઈને બધાયને આકર્ષણ થાય છે.
- આપણને જો આપણા સત્સંગ પરિવાર વગેરેમાં દિવ્યભાવ દેખાય તો બીજામાં ક્યાંથી દેખાય?
- યાત્રા કરવા જઈએ ત્યારે ભગવાનના ચરિત્ર યાદ કરતા જઈએ તો અનેકગણું ફળ મળે છે.
- માર્કન્ડેય મુની ઘનશ્યામ મહારાજનું નામકરણ કરવા પહોંચે છે. મુનીને ખબર પડી જાય છે સર્વ કારણના કારણ સર્વના આધાર એવા પુરુષોત્તમનારાયણ પ્રગટ થયા છે માટે પોતાના ૬૦ શિષ્યો સાથે ધર્મપિતાને ત્યાં પધારે છે.
- છપૈયાની ભૂમિમાં પગ પડ્યા ત્યારે મન શાંત થઈ ગયું. ઈન્દ્રિયોની ચંચળતા મટી ગઈ અને શાંતી થઈ ગઈ. નારાયણ સરોવરમાં સ્નાન કરે છે. ધર્મદેવ માર્કન્ડે મુનીને પોતાના ઘરે લઈ જાય છે. પોતે જ્યોતિષ શાસ્ત્ર ભણ્યા છે. એટલે ધર્મપિતા ઘનશ્યામનું નામકરણ કરાવે છે.
- તમામ શાસ્ત્રોનો સાર આ ભગવાનનું સ્વરૂપ છે. ધર્મદેવ તમે ભાગ્યશાળી છો કે બાળસ્વરૂ પધારી ભગવાન સ્વયં તમારે ત્યાં પધાર્યા છે.
- કર્ક રાશીમાં જન્મ છે માટે ''હરિ'' નામ
- ચૈત્ર માસમાં જન્મ છે માટે કૃષ્ણ નામ બધાયને ચિતને હરી લેશે માટે બે નામને ભેગા કરીને ત્રીજું નામ ''હરિકૃષ્ણ'' નામ
- શંકર જેવા તપસ્વી માટે ''નીલકંઠ'' નામ
- ''હરિ તારા નામ છે હજાર ક્યા નામે લખવી કંકોતરી....''
- ભક્તિમાતા તથા ધર્મપિતાને કહે છે કે સ્વયં સર્વોપરી પરબ્રહ્મ પુરૂષોત્તમનારાયણ તમારે ત્યાં બાળસ્વરૂપે પ્રગટ થયા છે. તે સત્ય છે અને પોતે જ સર્વ આધારના આધાર છે.
- ''કારણરૂપ કહાવે ધરમસુત કારણરૂપ કહાવે''
- બે દિવસ રહી માર્કન્ડેય મુની વિદાય લે છે અને પ્રયાગક્ષેત્રમાં જાય છે.
- **<u>દ્વિતીય દિન - (દ્વિતીય સત્ર) (તા. ૯.૫.૨૦૨૫) :</u>** કિર્તન ભક્તિ થઈ રહ્યા બાદ
- **<u>પોથી પૂજન તથા વક્તા મહોદયશ્રીનું પૂજન</u> :**
- બધા યજમાનશ્રીઓ, આમંત્રિત મહેમાનો, છત્રી સંસ્થા તથા મિશન સંસ્થાના ટ્રસ્ટીઓ વક્તાશ્રીનું પૂજન કરે છે.
- **<u>શ્રીમદ સત્સંગિભૂષણ પંચાહ્ન પારાયણ વક્તા મહોદય સદ્. શાસ્ત્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી :</u>**
- ''શીતળ શાંત છે રે તેજની ઉપમા નવ દેવાય ........... એવું ધામ છે''
- સત્પુરુષની આજ્ઞામાં જે રહ્યો છે તે જ આત્મસત્તારૂપે રહ્યો છે. ગ.મ. ૫૧
- ગૃહસ્થાના ધર્મ પ્રમાણે ગૃહસ્થ, ત્યાગીના ધર્મ પ્રમાણે ત્યાગી રહે.
- ઘનશ્યામ મહારાજના છપૈયામાં અનેક સ્વરૂપના દર્શન બધા છપૈયા વાસી કરે છે. તેમના દર્શન માટે અનેક મોટા મોટા અધિકારીગણ આવે છે.
- ભગવાન પાસે નિર્માની થઈએ તો સુખ આવે.
- ''તન કી જાણે મન કી જાણે, જાણે ચિત કી ચોરી ઉનકે આગે ક્યા છુપાયે જીનકે હાથમે જીવન દોરી''
- આ ભૂમિ પણ એવી છે નાની એવી સેવા પણ તમારું જીવન બદલી નાખે એવી છે.
- અમે જ્યાં જ્યાં સમૈયા કર્યા હોય, આરતી ઉત્સવ કર્યા હોય, સંકીર્તન, નામ આરતી સ્વામિનારાયણ ........... કરવું તો પૂરૂં થાય એમ મહારાજ કહે છે.
- ''શરણ આયે સબહી તરે રે મહારાજ..............''
- ''એક કપટી ન તેરે રે મહારાજ...................''
- છપૈયાના લીલાચરિત્ર અપરંપાર છે અને તેનો મહિમા પણ અપાર છે.
- ઘનશ્યામલીલામૃતમાં ભૂમાનંદ સ્વામી પણ છપૈયાનો મહિમા કહે છે.
- છપૈયાની રજ જો અજાણતા આપણા ઉપર પડે તો તેના સર્વ પાપ બળી જાય.
- નારાયણ સરોવરમાં જે કોઈ સ્નાન કરશે તેને અક્ષરધામમાં લઈ જઈશ એવું વરદાન છે.
- ઘનશ્યામ મહારાજની પ્રાગટ્ય ભૂમિ હરિનારાયણદાસ સ્વામીને શ્રીજી મહારાજે બતાવી છે અને એજ જગ્યાએ મંદિર બનાવ્યું છે.
- મોટા પુરુષના વચન કોઈ દિવસ ફરતા નથી.
- ઘનશ્યામ પ્રભુ ઘણી વખત માતા-પિતા માટે માયા મૂકી દેતા હતા એટલે અમારા ઘનશ્યામ ઘનશ્યામ એવી વાતો પણ કરતા.
- ઘનશ્યામ પ્રભુ દહીં ને પૌંવા જમતા હતા ત્યારે આમલીની ડાળી પડી ગઈ ત્યારે તુલસી ક્યારામાં રોપી દઈ ભાભી કહેતા આ તો આમલીની ડાળી છે. આમાં ક્યાં તુલસી છે ત્યારે ઘનશ્યામ પ્રભુ કહે છે આ તુલસી છે અને પછી તો તેમાંથી તુલસી થયા અને માંજર પણ આવ્યા અને બધાયને તુલસી દેખાયા પણ સુવાસીની ભાભીને આમલી દેખાય. આવો ચમત્કાર પ્રભુએ બતાવ્યો. પછી ભાભીએ પ્રાર્થના કરી ત્યારે પ્રભુએ કૃપા કરી અને તુલસી દેખાણા.
- દેહભાવ આવે ત્યારે દિવ્યભાવ જતો રહે છે.
- ''મુક્તાનંદ કહે હરિ હરિ જનની ગતિ છે ન્યારી....''
- મોતીમામાને બળદ લેવો હતો ત્યારે ધર્મ દાદાને પાસે આવે છે અને રામપ્રતાપજીને સાથે લઈને બળદ લેવા તૈયાર થયા. ત્યારે

ઘનશ્યામ મહારાજ પણ સાથે તૈયાર થયા. પછી બળદનો માલિક કહે આ બળદ ગમે તેટલો ભાર પણ ઉપાડી શકે એમ અહંકારમાં બોલે છે. ત્યારે તે બળદને ગાડે જોડી અને ઘનશ્યામ મહારાજ ગાડામાં બેસે છે. ત્યારે બળદ નથી ચાલી શકતો પછી મહારાજ ઉતરી ગયા ત્યારે બળદ ચાલ્યો. પછી કહે આ બળદને હાથ ફેરવીએ તો ચાલે એમ અહંકારમાં બોલે છે. ત્યાર પછી કહે હવે મારી આ ટોપીને ગાડામાં મૂકુ છું અને બળદ ખેંચે તોય બળદ તેને ખેંચી શકતો નથી. એમ તે બળદના માલિકનો અહંકાર ટળાવ્યો અને પોતાનો પ્રભુપણાનો ચમત્કાર બતાવ્યો.

- સ્વામિનારાયણ મહામંત્રની ધૂન અને જયઘોષ સાથે આજની બપોરના સત્રની સમાપ્તિ.
- **<u>તૃતીય દિન - (પ્રથમ સત્ર) (તા. ૧૦.૫.૨૦૨૫)</u> :** સંગીતજ્ઞો કિર્તન ભક્તિ કરી રહ્યા બાદ સર્વે યજમાનશ્રીઓએ વક્તા મહોદયશ્રીનું પૂજન કરે છે. ત્યારબાદ આરતી ઉતારે છે.
- **<u>શ્રીમદ સત્સંગિભૂષણ પંચાહ્ન પારાયણ વક્તા મહોદય સદ્. શાસ્ત્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી</u> :**
- મન જગતની વાસનાથી વસાયું છે. તેમને સ્થિર કરવા માટે ભગવાન અને સંતની સેવા કરવી. તેમજ ભગવાનના ચરિત્રોમાં તેને ગુંચવી નાખવું. એમ વચનામૃતમાં મહારાજ કહે છે.
- મન જ બંધન અને મોક્ષનું કારણ છે.
- અંતે યા મતિ સા ગતિ, એટલે અત્યારે જેવી મતિ છે તેવી અંતકાળે ગતિ થાશે એમ મહારાજ કહે છે.
- મન જગતમાં જોડાય તો બંધન થાય અને ભક્તિમાં કથામાં જોડાય તો મોક્ષ થાય માટે ભગવાનમાં હેત કરો સ્નેહ થાય તેમ કરો ચરિત્રોનું ચિંતવન કરો.
- મહારાજ સંવત્ ૧૮૩૭માં પ્રગટ થયા ત્યારથી લઈને અત્યાર સુધી ચરિત્ર ચાલુ જ છે તેનો કોઈ પાર નથી.
- મુક્ત દ્વારા સુખ આપવું તે મારો સિદ્ધાંત છે. તેને કોઈ મિથ્યા ન કરી શકે એમ મહારાજ કહે છે.
- મનુષ્ય જન્મ શ્રેષ્ઠ છે. કારણ કે એનાથી ભગવાન મેળવાય છે.
- ''બડે ભાગ્ય મનુષ્ય તન પાવા''
- બીનું સત્સંગ વિવેક ન હોઈ....''
- સદ્‌ગુરૂ સાચા હોય તો જીવન તરી જાય.
- ''નિજાત્માન્ બ્રહ્મરૂપમ્'' (શિ. શ્લોક ૧૧૬)
- ''દાસનો દાસ થઈને જે રહે સત્સંગમાં ભક્તિ તેની ભલી માનીશ રાચીશ તેના રંગમાં....''
- બાપા આ લોકમાં આવ્યા કેવળ મૂર્તિ દેવા માટે
- ''હમ તો એક સહજાનંદ સહજાનંદ ગાવે...........''
- જ્યારે જીવના કલ્યાણ માટે ભગવાન પૃથ્વી પર પ્રગટ થાય ત્યારે સામાન્ય ચરિત્રમાં પણ કોઈ શંકા ન થાય તે જ્ઞાનરૂપી હથિયાર સમજી દિવ્યારૂપ ભગવાનને સમજવા.
- તમામ કર્મ ભગવાનના દિવ્ય જાણે અને ભગવાનમાં જોડાય ત્યારે કલ્યાણ થાય.
- ઘનશ્યામ પ્રભુના ચૌલ સંસ્કાર થાય છે. બધાય સગા કુટુંબને જમવાનું આમંત્રણ આપે છે. તે બધાયની સરભરામાં કાલીદત્તે આવીને વિઘ્ન કર્યું હતું અને એટલે ઘનશ્યામ મહારાજે કાલીદત્તને પોતાની દૃષ્ટિ સંકલ્પથી મારી નાખે છે અને ધર્મની બીજી ૧૨ પત્નીઓ ઘનશ્યામ પ્રભુની સેવા કરી જાય છે.
- ઘનશ્યામ મહારાજના મિત્ર પ્રયાગના લગ્ન માટે ઘનશ્યામને નિમંત્રણ આવે છે. અણવર બનાવે છે અને ઘનશ્યામ તૈયાર થઈ જાય છે. છપૈયાની બાજુના ગામમાં જાન જાય છે ત્યાં જમવાની હરીફાઈ થાય છે. ત્યારે મામા મોતી તિવારી ચાર શેર દહીં, ૧૫ શેર પુરી, લાલ બિહારી સામે હરીફાઈમાં ૫૧ રૂપિયા માટે મોતી તિવારી બધું ખાઈ જાય છે. પણ મારવાનું તથા જીવાડવાનું કામ ભગવાનનું છે એમ વિચારી પછી વધારે ખાય છે ત્યારે મૃત્યુ થાય છે. પછી ધર્મપિતા દુખી થાય છે. ત્યારે લાકડામાં ખડકેલ મામાનું શરીર બેઠું થઈ ગયું. કારણ કે ઘનશ્યામ મામા ઉઠો એમ કહ્યું છે. ઘનશ્યામ મહારાજે બધાયને આવો ચમત્કાર બતાવી પોતાનું ભગવાનપણું બતાવ્યું.
- ધર્મપિતા છપૈયાથી અયોધ્યા જાય છે. એક ગાડામાં ભક્તિમાતા સુવાસીની ભાભી અને ઘનશ્યામ મહારાજ છે એને બીજા ગાડામાં ધર્મદેવ અને રામપ્રતાપભાઈ બેઠા એમ મર્યાદાનું પાલન કરે છે. અને અયોધ્યામાં મખોડાઘાટ પહોંચે છે. ત્યાં નદી પાર કરવા માટે એક હોડીવાળો આવે છે. ત્યારે રામપ્રતાપભાઈ ભાડાનું નક્કી કરવાનું કહે છે. પણ તે નાવિક ભાડાના બદલે ઘનશ્યામને રમાડવાનું કહે છે.
- નાવવાળાએ ભગવાનના પગમાં ચિહ્ન જોઈ સમજી ગયો કે આ ભગવાન છે અને તે કેવળ ભક્તિમાતા પાસેથી ઘનશ્યામ મહારાજને રમાડવા માટે પોતે લે છે. અને ભાડું નથી લેતો.
- આદિકાળથી સતયુગથી અયોધ્યા નગરી છે. સૂર્યવંશી રાજાઓએ વસાવી છે. આ બહુ જ પવિત્ર ભૂમિ છે.
- બાપાશ્રી છપૈયાનો મહિમા વધારવા માટે છપૈયાની યાત્રાનો સંઘ કાઢે છે.
- નિર્ગુણદાસજી સ્વામીએ બધાયને સમજાવ્યું કે અત્યારે ભગવાનની મૂર્તિમાં જોડી દે એવા પુરુષ કચ્છમાં બળદિયા ગામમાં અબજીબાપાશ્રી છે.
- આખાય માનવ સમાજ માટે બાપાશ્રીનું પ્રાગટ્ય થયું હતું તેમ મામાશ્રી કહે છે.
- બાપા અમદાવાદમાં પુરુષોત્તમપ્રસાદજી મહારાજને મળે છે ને છપૈયામાં જવાની વાત કરે છે. ત્યારે આચાર્ય જયપુર થઈને

જવાની વાત કરે છે.

- છપૈયામાં બધાને બાપા રાજી કરે છે. અને અનેક ચરિત્ર કરે છે.
- બાપાશ્રી નારાયણસરોવરમાં નાય છે. બીજા હરિભક્તોને પણ બાપા ભેટે મળે આનંદ આનંદ કરાવે છે. અલૌકિક વાતાવરણ થઈ જાય છે.
- મહિમાની વાત જ નોખી છે. શ્રીજીમહારાજે આપણને ન્યાલ કર્યા છે. આ તો ભારે વાત થઈ ગઈ છે.
- સોમચંદબાપા કહે છે કે આવા મોટા મલ્યા હવે રહી ન જવાય તે જોવું.
- મહારાજે આપણો હાથ જાલ્યો છે તે મૂકે તેવા નથી પણ તેમનું વચન જરાકેય લોપવું નહીં.
- આ છપૈયા સ્થાનનું મહાત્મ્ય જેવું છે તેવું તો કોઈ કહી શકે તેમ નથી તેમ બાપા કહે છે.
- પિતા દંડવત્ કરે તો છોકરો દંડવત્ કરે માટે મોટા કરે તે જોઈ નાના પણ અનુસરે.
- બાપા એક વખત એમને એમ નાહ્યા અને બોલ્યા રામપરના રામજી વશરામની દિકરીને ધામમાં મોકલી માટે નાહ્યા તે અમારા કુટુંબમાં છે. માટે એમ બાપા બધું જાણતા.
- એક વખત બાપા પ્રેમજીને કચ્છમાં વરસાદ નહીં થાય તેમ છપૈયામાં વાત કરે છે. બાપાશ્રી પ્રેમજીના સંકલ્પ જાણી રાત્રે ઉઠાડી તેમને દરવાજા પાસે લઈ દરવાજો બંધ હતો પણ આંખ વીંચી ત્યાં નારાયણસરોવરના કિનારે આવ્યા. ત્યાં એક વિમાન આવ્યું. તેમાં બાપા તથા પ્રેમજીભાઈ બેઠા અને વિમાન ઉડીને નારાયણપુરના પાદરની તેમના ખેતરમાં આવ્યા. તેમણે પછી છોકરાને ભલામણ કરી કે આ વર્ષે વાવતા નહીં દુકાળ પડશે. પછી વિમાનમાં બેસી પાછા છપૈયામાં આવી ગયા. આવું અલૌકિક ચમત્કાર બાપાએ બતાવ્યો.
- કંદર્પ ઋષિ સિદ્ધપુરમાં તપ કરે છે. તેના તપથી ભગવાન રાજી થાય છે અને એમને સિદ્ધી આપે છે. વિમાન આપે છે જ્યાં જવું હોય ત્યાં જવાશે. તેમ બાપાના સંકલ્પથી વિમાન જ્યાં જવું હોય ત્યાં જાય છે.
- બાપા કહે અમે જુદું કરવા નથી આવ્યા પણ અમે બધાને જોડવાને આવ્યા છીએ. અમે તો ભગવાનનો જેવો છે તેવો મહિમા કહેવા આવ્યા છીએ. સત્સંગમાં મોટા મુક્તને ઓળખી લેવા. તેમને રાજી કરવા માટે આ માહોલ છે. માટે રાજી કરી લેવા.
- સ્વામિનારાયણ મહામંત્રના જયઘોષ સાથે પ્રથમ સત્રની કથાની સમાપ્તિ.
- **<u>સદ્. શ્રી મહાત્મા સ્વામી (સુરેન્દ્રનગર) :</u>**
- મહારાજના જેવો બાપાનો પ્રતાપ હતો તેવો અત્રે દેખાય છે.
- અમારા ગુરૂ આવતા ત્યારે ઝાડની નીચે બેસી મુનિસ્વામીનો સમાગમ કરતા.
- વહેલી સવારે નીકળી વાંકાનેર, મોરબી, થઈ સાંજે માંડ અહીં પહોંચતા.
- મુનિસ્વામીએ બાપાની વાણી ઝીલી. જાદવજીબાપાએ પણ બહુ જ ભોગ આપ્યો છે. અમારા ગુરૂને પણ જાદવજીબાપા રાજી થઈ કહેતા કે અમારો બહુ જ પક્ષ રાખ્યો છે તેમ કહેતા.
- ગુરૂ કહેતાં કે અહીં મુનિસ્વામી, જાદવજીબાપા વગેરેના દર્શન કરવા માટે આવતા. તેઓએ ખૂબ જ મહેનત કરીને આ સ્થાન વિકસાવ્યું છે.
- **<u>તૃતીય દિન - (દ્વિતીય સત્ર) (તા. ૧૦.૫.૨૦૨૫)</u> :**

હસમુખ ભક્ત દ્વાર કિર્તન ભક્તિ અને ધૂન બાદ વક્તાશ્રીનું પૂજન યજમાનશ્રી દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ મંગલાચરણ કર્યા બાદ વક્તાશ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી દ્વારા સત્સંગીભૂષણ કથાનો દોર આગળ વધાર્યો.

- કથા વાર્તા કિર્તન ભજનમાંથી ક્યારેય તૃપ્તિ જેને થતી નથી તે દૃઢ ભક્ત કહેવાય એમ ભગવાનના ચરણારવિંદમાં મન અખંડ જોડી રાખવું. એવો ભક્ત તે છતાં દેહ ધામમાં છે. તેને બીજું કરવું રહ્યું નહીં.
- ''મનડું મૂર્તિમાં વળગી રહ્યું રે '' એમ કરી મેલવું.
- ભગવાનની કથા વાર્તા સિવાય મન નિર્વાસનીક કરવાનું કોઈ સાધન નથી.
- પ્રોગંડ અવસ્થા (૫-૧૧ વર્ષ)ના ચરિત્રની કથાનું વર્ણન કરતા કહ્યું કે ઘનશ્યામને બીજી કોઈ વસ્તુમાં રૂચિ નહિ. ત્યાગની જ રૂચિ. હદયરામ પાસે વિદ્યા ભણતા નિત્યે પૂજાપાઠ કરતા અને અયોધ્યાના બધા મંદિરે દર્શને જતા.
- એક વાર ઘનશ્યામને ભૂખ લાગી એટલે સુવાસીની ભાભી પાસે જમવાનું માંગ્યુ પણ તૈયાર ન હતું તેથી થોડી રાહ જોવા કહ્યું અને સોનાની અંગુઠી બહાર કાઢી રાખી અને રસોઈ કરવા ગયા. એટલામાં અંગુઠી લઈને હલવાઈ પાસે જઈને પેટ ભરાય એટલી મીઠાઈ માગી. હલવાઈને એમ કે નાનો છોકરો કેટલુંક ખાશે? પણ ઘનશ્યામ જમતા જમતા બધું જ દુકાનમાં હતું તેટલું જમી ગયા. ઘરમાં દૂધ, દહીં, ઘી હતું તે પણ જમી ગયા. ત્યારે તેની પત્નીએ કહ્યું કે આ નક્કી ભગવાન છે. એમ જાણી હલવાઈએ પછી ક્ષમા માંગી. આ બાજુ સુવાસીની ભાભીને ખબર પડતાં તેમણે ધર્મપિતા અને રામપ્રતાપભાઈને જણાવ્યું અને ઘનશ્યામને સુવાસીની ભાભી કહે કે આવું કરશો તો કન્યા કોણ આપશે? એવા વચનો કહ્યા. રામપ્રતાપભાઈ હલવાઈ પાસે જઈ ઘનશ્યામ પાસેથી સોનાની અંગુઠી ઝુંટવી લેવા ઠપકો આપ્યો. પણ જ્યારે દુકાનમાં જોયું તે જેમ હતી તેમ જ બધી મીઠાઈ જોઈ આશ્ચર્ય પામ્યા પછી તો નિત્ય ઘનશ્યામને મિઠાઈ જમાડતા.

- પ્રાગજીને તેની માતાએ શ્રીજીમહારાજને અર્પણ કર્યો. ભણેલ નહીં પણ મહારાજની આજ્ઞાથી કથા કરી (મુકું કરોતી વાચાનં.) અને જીવનભર મહારાજ પાસે કથા કરતા. આમ કૃપા કરી પુરાણી કર્યા.
- આ બાજુ છપૈયામાં બાળકો ઘનશ્યામ વગર રહી નહોતા શકતા. બધા મિત્રો મળી અયોધ્યા આવવા નીકળ્યા. ઘનશ્યામ બ્રાહ્મણનું રૂપ ધરી મનોરમા નદી પાસે બાળ મિત્રોને જમાડી મનોરમા અને સરયુ નદી પાર કરાવી અયોધ્યા પહોંચાડ્યા. તેવામાં ઘનશ્યામ મળ્યા અને ઘેર લાવ્યા અને જમાડ્યા.
- **<u>પ્રવચન:</u> શ્રી રંગસ્વામી, (સહજાનંદધામ વટામણ)**
- નારાયણ મામા દ્વારા બાપાશ્રી અને શ્રીજીમહારાજનો દૃઢ સત્સંગ ગઢપુર પ્રાંતના રાકેશભાઈ, બાબુભાઈ વગેરેને થયો છે. જેઓ ખૂબ નિર્માની છે.
- બાપાશ્રી ગૃહસ્થ છે એમ જાણી કેટલાક એમને જાણી ન શક્યા.
- શ્રીજીમહારાજ જેવી જ બાપાશ્રીની લીલાઓ છે.
- શ્રીજીમહારાજની રૂચિ, ઉપાસના લો. ૧૪માં કહી. તેનું ભાષ્ય કાંઈ હોય તો તે બાપાશ્રીની વાતો છે. એ વાત વાંચવાથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને ઉપાસનાની દૃઢતા થાય છે.
- સ્વયંપ્રકાશસ્વામી, વિશ્વપ્રકાશસ્વામી નિર્માની સંતો અને એમના ગુરૂઓ સિદ્ધમુક્ત હતા. એવા સંતો આ સ્થળની ખૂબ ભાવથી ખબર રાખે છે.
- આ સ્થાન સાથે જોડાયેલ સર્વે ભક્તોનું શ્રીજીમહારાજ, બાપાશ્રી નિશ્ચય કલ્યાણ કરશે એમાં કોઈ સંશય નથી.
- **<u>સવારનું પ્રથમ સત્ર (તા. ૧૧.૫.૨૦૨૫)</u>** : હસમુખ ભક્ત કિર્તન ભક્તિ કરી રહ્યા બાદ વક્તા મહોદયશ્રીનું પૂજન કરી સર્વે યજમાનોએ આરતી કરી. ત્યારબાદ શા. શ્રી શ્રીજીપ્રકાશદાસજી સ્વામીએ એક સત્સંગિભૂષણનો પ્રસંગ સંભળાવ્યો.
- કરજીસણના ગોવિંદ ભક્ત મહારાજને પોતાના ગામ લેવા વિનંતી કરી. બીજી બાજુ ડાંગરવાના જતનબાએ ડાંગરવા પધારવા વિનંતી કરી. એટલે બ્રહ્માનંદ સ્વામીને મહારાજે પૂછ્યું પ્રથમ ક્યાં જશું? એટલે જતનબાના ભાવને સમજી ડાંગરવા જવા નિર્ણય કર્યો. રસ્તામાં જતા મહારાજે જતનબાનો પ્રેમ જોઈ સંતો-ભક્તોને નિયમ આપ્યા અને કહ્યું તમારે બશેર ઘી જમવું એવું નિયમ આપ્યું. પછી જતનબાને ઘેર લીલા કરી, જતનબાને પ્રસન્ન કર્યા અને કરજીસણ જવાની રજા માંગી. પછી કરજીસણ પધાર્યા. ત્યાં ૧૮ માણસનું ગોવિંદભક્તનું કુટુંબ એક રસોડે જમતાં જોઈ બહુ આનંદ પામ્યા. તેમનો સંપ જોઈ મહારાજે પણ ભક્તોને તેમાના જેવું વર્તવા ઉપદેશ કર્યો. માટે આપણે પણ સંપીને રહેશું તો મહારાજ પ્રસન્ન થશે.
- **<u>સદ્. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી</u>**:
- ભજન કરવામાં સમય કાઢવો પડે. વ્યવહાર એક બાજુ છોડવો પડે એમ કહી માંચાખાચરની વાત કરી. તેમને પોતાનો કપાસ ભેળવી મહારાજ પાસે આવી ગયા તેમ તમે સર્વે ભક્તો પણ બધું છોડી અહીં પધાર્યા છો તે તમને ધન્ય છે.
- મુનિસ્વામી બાપાશ્રીને જાણ્યા પછી પોતાનું સર્વસ્વ બાપાશ્રીને અર્પણ કર્યું. અમદાવાદ જેવું સ્થાન છોડી કચ્છમાં રહ્યા.
- ધ્રાંગધ્રાના હરનારાયણ સોમપુરા ગણપતિના ઉપાસક હતા. તેમને દર્શન આપી સ્વામિનારાયણ ભગવાને ગોપાળાનંદ સ્વામી ઓળખાવ્યા. એ હરનારાયણને મુળીના ધર્મકિશોરદાસજી સ્વામીએ બાપાશ્રીની ઓળખાણ કરાવી. એ હરનારાયણ સલાટ મુળી દર્શને આવ્યા ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ મૂર્તિમાંથી કહ્યું તને જે મળ્યા છે તે સનાતન છે. પછી તો તેમને બાપાશ્રી પ્રત્યે અત્યંત ભાવ થઈ ગયો. આવા બાપાશ્રીના અનેક પ્રસંગ છે. ''બાપા પધાર્યા હરખ વધાર્યા આવી અમારા જન્મ સુધાર્યા....''
- શ્રીજીમહારાજના પ્રાકૃત ચરિત્ર પણ દિવ્ય જાણી શ્રીજીનો પ્રીતિએ કરીને આશરો કરવો એ ભક્તિનું રૂપ અને ભગવાન વશ વર્તે એ ભક્તિનું ફળ છે એમ રહસ્યાર્થમાં બાપાશ્રી કહે છે.
- માનબાએ રોટલો બનાવ્યો તે ફુલીને દડા જેવો થયો. તે જોઈ તેમને થયું ભગવાનને જમાડવા જેવો રોટલો છે. તેવામાં મહારાજે રસોડામાં પ્રવેશ કર્યો અને કહ્યું અમને ભૂખ લાગી છે. માટે જમવા આપો. ત્યારે માનબા કહે મહારાજ ઘણીક બેસો. હું શીરો બનાવી જમાડું. ત્યારે મહારાજ કહે અમારે શીરો જમવો નથી. અમને તો રોટલો જમવો છે. મહારાજ ગઢપુરમાં જમે ત્યારે પણ માનબાની રસોઈ વખાણે. તેથી જીવુબા માનબા પાસે જઈ પૂછ્યું ત્યારે જાણવા મળ્યું એમનો જેવો ભાવ હતો એ અનેરો હતો. ''પ્રેમીજનને વશ પાતડીયો, શ્યામ સુંદર સુખકારી રે.....'' સર્વ ભક્ત કિર્તનની રમઝટ પર રાસ રમી મહારાજ બાપાને ખૂબ રાજી કર્યા.
- અયોધ્યામાં વિદ્યાભ્યાસ કરી આઠ શાસ્ત્રોનો ગુટકો કરી ધર્મદેવને બતાવ્યો. ધર્મદેવ ખૂબ પ્રસન્ન થયા.
- ભક્તિને પોતાના દિવ્ય સ્વરૂપનું દર્શન આપ્યું. હરિગીતાનો ઉપદેશ કર્યો. દિવ્ય ગતિ આપી પછી ધર્મદેવને દિવ્ય ગતિ આપી.
- સંતનો મહિમા કહ્યો. બાપાશ્રીની પ્રાપ્તિ તેનો મહિમા કહ્યો.
- **<u>આશીર્વચન:- સદ્. સ્વયંપ્રકાશદાસજી સ્વામી</u>**:
- બાપાશ્રીને ઝાલાવાડમાં પ્રથમ ઓળખાવ્યા કોણે? સદ્. શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી. એ બાલકૃષ્ણદાસજી સ્વામીએ મૂળીમાં સભામંડપમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિ પોતાની દેખરેખ નીચે અક્ષરધામનું સ્વરૂપ પધરાવ્યું.

- સુખશૈયામાં મહારાજે બાલકૃષ્ણદાસજીને દર્શન આપ્યા ત્યારે સ્વામીએ મહારાજને પૂછ્યું તમે અહીં કાયમ રહો છો? ત્યારે મહારાજ કહે તમે સૈયા તૈયાર કરી છે તો અહીં પોઢું છું. અને આ હરિકૃષ્ણ મહારાજમાં રહું છું. અને કચ્છમાં અનાદિમુક્ત બાપાશ્રી દ્વારા અનેકના કલ્યાણ કરૂં છું.
- પછી મૂળીથી બાલકૃષ્ણદાસજી સ્વામી ૧૮ સંતો સાથે બળદિયા મંદિરમાં મળ્યા ત્યારે બાપાશ્રી કહે તમને હરિકૃષ્ણ મહારાજે મોકલ્યા. એવા બાપાશ્રી હતા.
- લખતરના બે સત્સંગી ભાઈના કાકીને મહારાજ તેડવા આવ્યા અને કહ્યું તમને બદરીકાશ્રમમાં મોકલીએ ત્યારે બાલકૃષ્ણદાસજી સ્વામી કહે અરે મહારાજ! ''અક્ષરધામમાં મોકલોને'' આવા સંત બાપાશ્રીના સમાગમ કરવા આવતા.
- વિરમગામના નાગરદાસભાઈએ એક ભક્ત નાગજીભાઈને બાપાશ્રી પાસે પોતાને કષ્ટ આવેલ તે માટે મોકલી કષ્ટ દૂર કરાવ્યું.
- સદ્. શ્રી શ્વેતવૈકુંઠદાસજી, બાલકૃષ્ણદાસજીની કૃપાથી નિરાવરણ દ્રષ્ટિ પ્રાપ્ત કરેલ. તેમણે મને કહ્યું કે ચાર મુક્તો આવે છે તેમને જમાડવાની વ્યવસ્થા કરી રાખજે. જમી આવ્યા પછી આ ચાર મુક્તો સાથે વાતો કરી ટ્રેનનો સમય થઈ ગયો તો પણ બેસી રહ્યા. પછી સ્વામીના કહેવાથી રાધાકૃષ્ણદેવના દર્શન કરી નીકળ્યા. પછી ટ્રેન આવી એવા સંતો બાપાશ્રીનો યોગ કરવા પધારતા.
- છતેડીધામે ઉત્સવ થાય છે તે દિવ્ય છે. અને ગોવિંદભાઈ, રવજીભાઈ, કેશરાભાઈ વગેરે કચ્છના મુક્તોને કેવો દિવ્યભાવ. ગુજરાતી ભક્તો આવે છે તેમને પણ દિવ્યભાવ. અમને પણ બે દેશમાં રહેવું પણ જુદું સ્થાન કરવું નહીં એમ બાપાશ્રીની આજ્ઞા છે. તેમાં રહેવાનું છે.
- અમે ત્રણ પેઢીથી બાપાવાળા છીએ નવા નથી થયા. આ મહોત્સવમાં એક દિવસ જવાનો સંકલ્પ કર્યો પણ છેક સુધી આ ઉત્સવમાં રહેવાનું થયું.
- મોટા મોટા સદ્ગુરૂઓ ૧. ઈશ્વરસ્વામી, ૨. વૃંદાવનસ્વામી, ૩. મુનીસ્વામીએ બાપાશ્રીની ઓળખાણ પડાવી. એમને લઈને આ જે આપણે સર્વે સુખીયા છીએ અને આવા ઉત્સવ ઉજવી રહ્યા છીએ.
- <u>**ત્રિકમભાઈ છાંગા (ધારાસભ્યશ્રી અંજાર વિસ્તાર):**</u>
- સેવા, સંસ્કૃતિ અને સત્સંગ એનો ત્રિવેણી સંગમ આ છે.
- ધર્મો રક્ષતિ રક્ષિતઃ
- ગૌશાળા અને આ હોલનું નિર્માણ થયું. તે કાર્ય આવકાર્ય છે.
- સ્વામીએ બાપાશ્રીની જીવનની વાત કરી. પ્રેમ, દયા, કરૂણા સ્વરૂપ બાપાશ્રીએ ચિંધેલ માર્ગ ઉપર તમે સહુ ચાલી રહ્યા છે.
- હાલની યુદ્ધ જેવી પરિસ્થિતિમાં આપણને બળ મળે એવી અબજીબાપાના ચરણમાં પ્રાર્થના કરું છું.
- <u>**સદ્. શ્રી હરિપ્રિયદાસજી સ્વામી (રાજકોટ ગુરૂકુલ):**</u>
- શૈક્ષણિક, આરોગ્ય, ગૌસેવા અને સત્સંગ જેવી વિવિધ પ્રવૃતિ ચલાવતી આ સંસ્થા છે.
- ઈશ્વરસ્વામી, વૃંદાવનસ્વામી, બ્રહ્મચારી મહારાજ, મુનીસ્વામી આ બધા મુક્તોની અમીવૃષ્ટિ આપ સર્વે ઉપર થાય એવી પ્રાર્થના.
- બ્રહ્મરૂપ થઈ ભગવાનની ભક્તિ કરવી ભગવદીય ગુણોનું આહવાન કરવું.
- ભગવાનને આધિન રહીએ એટલા ભગવદીય ગુણ આવે.
- ભગવાનને અનુરૂપ રહીએ એટલો ભગવાનનો નિવાસ થાય.
- શાસ્ત્રીજી મહારાજ કહેતા કે ભગવાનના ગુણો તો ગાઈએ પણ ભગવાનના સિદ્ધાંતો પણ સમજાવતા તેમને સ્થાપેલ રાજકોટ ગુરૂકુલ સાથે છતેડી સંસ્થા આરંભથી આજ પર્યંત જોડાયેલ છે.
- નૃસિંહાનંદ સ્વામી ગ્રંથ વાંચતા વાંચતા મૂર્તિમાં એકરસ થઈ ગયા. શાસ્ત્રના પાનાં બાજુમાં સગડીમાં સળગવા લાગ્યા. ત્યારે મહારાજ કહે સ્વામી તમારે ભણવા જેવું બધું ભણાઈ ગયું,કારણ કે મૂર્તિ સિદ્ધ કરી લીધી.
- <u>**કલ્યાણભાઈ વેકરીયા, બળદિયા :**</u>
- છતેડીધામ વિકાસની અગત્યની તારીખો જણાવી.
- સં. ૧૮૬૧ : સ્વામિનારાયણ ભગવાન પ્રથમ વખત બળદિયા પધારી કાળી તલાવડીમાં સ્નાન કર્યુ અને ભૂમિપાવન કરી. ઠાકર મંદિરમાં રહી ગંગાદાસ ભક્તના ઘેર થાળ જમ્યા.
- સં. ૧૮૬૧-૬૭ : કાળી તલાવડીના કાંઠે સભા ભરતા અને શિક્ષાપત્રી (ધર્મનો) ઉપદેશ આપતા અને ભક્તો કાયમ કાળી તલાવડીના દર્શન કરતા.
- સં. ૧૮૮૫-૮૬ : કચ્છના ભક્તો ગઢપુરમાં શ્રીજીમહારાજના દર્શને ગયા. બળદિયાના રત્ના ભક્તને તેમના ગામમાં મુક્ત મોકલશું એવા આશીર્વાદ આપ્યા.
- સં. ૧૯૦૦, પોષ સુદ-૩ : કાળી તલાવડીના કિનારે દેવબાને દિવ્યરૂપે દર્શન આપી તેમને ત્યાં અનાદિમુક્ત પ્રગટ થવાના આશીર્વાદ આપ્યા.
- સં. ૧૯૦૧, કારતક સુદ-૧૧ : બાપાશ્રી પ્રગટ થયા, અને કાળી તલાવડી તથા વનરાઈમાં બાળમિત્રો સાથે દિવ્ય રમતો રમતા. અનેક ચરિત્ર કરતા (ચરિત્રો તેમના જીવન કવનામંથી જાણવા.)
- સં. ૧૯૭૧ ચૈત્ર સુદ-૩ : કાળી તલાવડીના કાંઠે છતેડી બનાવી શ્રીહરિના ચરણારવિંદ સ્થાપ્યા અને આ સ્થાનના દર્શન કરનારને કલ્યાણનો કોલ આપ્યો.

- સં. ૧૯૭૪, અષાઢ વદ-૩૦ : મંદવાડ નિમિત્તે પુરુષોત્તમ લીલામૃત ગ્રંથની પારાયણ કરી અને બાળકોને આ દિવસ કાયમી જમાડતા. જે આજ પર્યંત ચાલુ છે.
- સં. ૧૯૭૮, વૈશાખ સુદ-૩ : ભીડભંજન હનુમાનજી પધરાવ્યા અને તે દ્વારા અનેકનાં દુઃખ દૂર આજ પર્યંત કરે છે. મનોકામના પૂર્ણ કરે છે.
- સં. ૧૯૮૪, ચૈત્ર વદ-૭ : છેલ્લા યજ્ઞની પૂર્ણાહુતિ કરી. સહુને રાસે રમાડ્યા અને ધર્મશાળાનું ઉદ્‌ઘાટન કર્યું.
- સં. ૧૯૮૪, વૈશાખ સુદ-૧૪ : વચનામૃત રહસ્યાર્થની બાપાશ્રીએ છત્રીએ **સમૂહ પારાયણ** કરાવી. આ બાપાશ્રીએ કરાવેલ છેલ્લી પારાયણ હતી.
- સં. ૧૯૮૪, અષાઢ સુદ-૫ : બાપાશ્રી અંતરધ્યાન થયા અને શ્રીજીમહારાજની છત્રીની બાજુમાં દક્ષિણે તેમનો અગ્નિ સંસ્કાર કર્યો.
- સં. ૧૯૮૪, અષાઢ વદ-૩૦ : બાપાશ્રી અંતરધ્યાન થયા નિમિત્તે છતેડીએ તેમના પુત્ર કાનજીબાપા તથા મનજીબાપાએ બાળકોને જમાડ્યા તથા સાંખ્યયોગી બહેનોને સાડલા ઓઢાડ્યા અને ઉજવણી કરી.
- સં. ૧૯૮૪, શ્રાવણ સુદ-૧૫ : બાપાશ્રીની છત્રી કરી શિલાલેખ લગાવ્યો. આમ ૧. શ્રીહરિ ચરણારવિંદ છત્રી, ૨. ભીડભંજન હનુમાનજી અને ૩. બાપાશ્રીની ચરણારવિંદ છત્રી એ બાપાશ્રીના સ્મૃતિ સ્થાનો થયા.
- સં. ૨૦૦૧ : બાપાશ્રી શતાબ્દી ઉજવાયો.
- સં. ૨૦૧૯ : શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર ટ્રસ્ટ બન્યું.
- સં. ૨૦૨૦ , ચૈત્ર સુદ-૧૫ : ટ્રસ્ટ દ્વારા હરિ મંદિર બનાવી મુનિસ્વામીએ ચૈત્ર સુદ - ૧૫ ના ઘનશ્યામ મહારાજ તથા બાપાશ્રીની મૂર્તિ પધરાવી તથા રસોડું વિસ્તાર્યું અને ઉતારા કર્યા (કાનજીબાપા ભુવન).
- સં. ૨૦૩૦, વૈશાખ વદ ૧૦ (તા. ૧૭.૫.૧૯૭૪) : સભામંડપનું ઉદ્‌ઘાટન કરી મુનિસ્વામી તેમના ખંડમાં સ્વતંત્રપણે અંતરધ્યાન થયા.
- સં. ૨૦૩૯ થી ૨૦૪૧ વૈશાખ સુદ-૧૫ : મંદિરનું કાળી તલાવડી બાજુ વિસ્તરણ કરી સં. ૨૦૩૯ વૈશાખ સુદ - ૧૫ના સહજાનંદ સ્વામી તથા ધર્મ-ભક્તિ હરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા. થોડા સમયબાદ સભામંડપ, છત્રીમાં તથા બાપાશ્રીના ઘેર મહારાજ બાપાના સ્વરૂપો અ.મુ. શ્રી જાદવજી બાપા તથા અ.મુ. શ્રી નારાયણમામાના હસ્તે પધરાવ્યા. ઉતારાનું વિસ્તરણ થયું. (મનજીબાપા ભુવન).
- સં. ૨૦૫૧, કારતક સુદ-૧૧ (ઈ.૧૯૯૪): સાર્ધ શતાબ્દી મહોત્સવ ઉજવાયો. શ્રી અબજીબાપા એજ્યુકેશન અને ચેરીટેબલ સેન્ટર ટ્રસ્ટ બન્યું (સં. ૨૦૫૧, ઈ. ૧૯૯૫). અને ઉતારા વિસ્તરણ (નારાયણમામા ભુવન માટે )
- સં. ૨૦૫૭, (ઈ. ૨૦૦૧) : અ.મુ. શ્રી જાદવજીબાપા હસ્તકે શાળા મા
- ે શ્રી સ્વામિનારાયણ વિદ્યા સંકુલ તથા છાત્રાલય માટે શ્રી અબજીબાપા સંસ્કારધામ ગુરૂકુળનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.
- સં. ૨૦૬૨ (ઈ. ૨૦૦૬) : વચનામૃત રહસ્યાર્થ/બાપાશ્રીની વાતો શતાબ્દી મહોત્સવ ઉજવાયો. સ્કુલનું વિસ્તરણ કર્યું.
- સં. ૨૦૭૧ (ઈ. ૨૦૧૫) : કલાત્મક મંદિર નિર્માણ કરી સેવા સ્વરૂપ ઘનશ્યામ મહારાજ પધરાવ્યા તથા બાપાશ્રી પ્રતિષ્ઠિત શ્રીહરિ ચરણારવિંદ શતાબ્દી મહોત્સવ ઉજવાયો અને ઉતારાનું વિસ્તરણ થયું. (ઘનશ્યામ ભુવન)
- સં. ૨૦૭૬ કારતક સુદ-૧૧ (ઈ. ૨૦૧૯) : બાપાશ્રી પ્રાગટ્ય શતામૃત મહોત્સવ ઉજવાયો તેમજ ઉતારા વિસ્તરણ થયું. (જાદવજીબાપા ભુવન)
- સં. ૨૦૭૮-૭૯ (ઈ. ૨૦૨૨/૨૩) : બાપાશ્રી પ્રતિષ્ઠિત હનુમાનજી શતાબ્દી મહોત્સવ ઉજવાયો. દરેક ઉતારા પર માળ વધાર્યો.
- સં. ૨૦૮૧ (ઈ. ૨૦૨૫) : સહજાનંદ મંડપમ્ નિર્માણ અને ઘનશ્યામ મહારાજ દશાબ્દી મહોત્સવ ઉજવાયો. (તા.૭/૫/૨૫ થી ૧૨/૫/૨૫)
- **<u>તા. ૧૧/૫/૨૦૨૫ બપોરનું સત્ર :</u>**
- હસમુખ ભક્ત કિર્તન કરી રહ્યા બાદ વક્તાશ્રીનું પૂજન યજમાનશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું. અને વક્તાશ્રીએ મંગળાચરણ કરી કથાનો દોર હાથમાં લીધો.
- **<u>વક્તા સદ્. શ્રી વિશ્વપ્રકાશદાસજી સ્વામી :</u>**
- ભગવાનનો દઢ આશરો કરવો. શરણાગતિ સ્વીકારવી. એવા શરણાગત થઈ ભગવાનની સેવા કરવી.
- ભગવાનના સંત-ભક્તોની સેવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે.
- મનને સ્થિર કરવા ભગવાનના ચરિત્ર છે. પણ સ્થિતિમાં રહેવા માટે અંતરવૃત્તિ કરવી ઘટે. મનથી માનેલ કામ મૂકી અનુવૃત્તિમાં રહેવું.
- પ્રગટભાવ દઢ કરવો. પ્રગટભાવે ભગવાનનું ભજન કરવું.
- કામ, ક્રોધ, લોભ મોટા દોષ છે. તેને જીતવા. કામના પૂરી થાય તો લોભ જાગે અને કામના પૂરી ન થાય તો ક્રોધ જાગે માટે કામના સર્વે દુઃખનું કારણ છે.
- ભગવાનનું મહાત્મ્ય વિચારવું. શુભ સંકલ્પ કરવા. આત્મવિચાર કરવો. સંતનો સમાગમ માન તજી કરવો. ‘‘સંત સમાગમ કીજે હો નિશદિન સંત સમાગમ કીજે... બ્રહ્માનંદ

સ્વામી''

- મોટાનો પક્ષ રાખવાથી જીવનું કલ્યાણ થાય છે. ''મોટો મહિમા રે જગમાં હરિજનનો'' સત્સંગ તુલ્ય કોઈ ન આવે તે માટે સત્સંગરૂપ સમુદ્રમાં રહેવું તો મોક્ષરૂપી મોતી પ્રાપ્ત થાય છે.
- ક્રોધ એવો છે કે નાની નાની વાતમાં પસ્તાવો કરાવે. માટે ભગવાનના ભક્તને ક્રોધ ન કરવો.
- લોભ જીતવા મનમાં સંતોષ રાખવો. જે મળ્યું છે તે ભગવાનની કૃપાથી મળ્યું માની આનંદમાં રહેવું. ખોટું કરવું નહિ અને ખોટું બોલવું નહિ.
- પર્વતભાઈ ખેતરમાં ઝાડવાની ડાળો કાપતા હતા તેમાં કુવાડો પગ ઉપર પડ્યો પણ બુટ ઉપર પડ્યો એટલે કાંઈ થયું નહિ. તરત ગઢડા ગયા એવો વિચાર કરી કે પગમાં વાગ્યું હોત તો એક મહિનો ખાટલો આવ્યો હોત. માટે એક મહિનો સમાગમ કરવા ગયા. આવા ચરિત્રો સાંભળ્યા હોય તો ટાણે કામ આવે.
- ''રૂડો અવસર આવ્યો રે, તમને ભજવાનો...... બ્રહ્માનંદ સ્વામી''
- અદ્‌ભૂતાનંદ સ્વામી મહારાજના દર્શન માટે ગઢપુર જતા બોટાદમાં દાહાખાચરને ત્યાં રોકાયા. પૂજા કરતા અદભૂતાનંદ સ્વામીના આંખોમાં આંસુ જોયા. ત્યારે દાહાખાચર કારણ પૂછ્યું. ત્યારે સ્વામી કહે મહારાજે અમને દર્શનની બંધી કરી છે અને તમે કેટલા ભાગ્યશાળી જે તમને નિત્ય દર્શન કરવા મળે. આ સાંભળી દાહાખાચર ગઢપુર જઈ મહારાજને દંડવત્ કરવા લાગ્યા. આ જોઈ મહારાજ કહે તમને કોઈ સાધુ મળ્યા છે નહિંતર આમ હોય નહિ. કેમ જે દાહાખાચર ઉંમરમાં મોટા, નામ પણ મોટું તેથી મહારાજને દંડવત્ ન કરતા તે આજે દંડવત્ કરવા લાગ્યા. મુક્તાનંદ સ્વામીએ દર્શન માટે વિનંતી કરી પણ ફાવ્યા નહિ. પછી બ્રહ્માનંદ સ્વામીએ કિર્તન રચી એક છોકરાને મોકલ્યો એનું કામ સ્વામીએ કર્યું. છોકરો ચીઠ્ઠી લઈ શ્રીજીમહારાજને પહોંચાડી ''સુણો ચતુર સુજાણ, સુણો ચતુર સુજાણ....'' એ કિર્તન વાંચી શ્રીજીમહારાજ પ્રસન્ન થયા અને બધા સંતોને દર્શનની છૂટ આપી. સર્વે સંતો દરબારમાં આવ્યા અને શ્રીજીએ સંતોને દર્શનનું સુખ આપી અને તૃપ્ત કર્યા.
- **<u>રવજીભાઈ વેલજી કેરાઈ (કુંદનપર) :</u>**
- દર શનિવારે મારા દાદા છત્રીએ આવતા. કેરાઈ છતેડીના દર્શને અહીં આવવા અમને કહેતા.
- ઉંટગાડી બળદગાડીનો જમાનો એમાંથી બહાર આવ્યા એ બધી કૃપા બાપાશ્રીની.
- મારી કોઈ લાયકાત નહીં તેમ છતાં મને બોલવા કહ્યું ; મારી કાલીગેલી ભાષામાં બોલ્યો. મારું ભાગ્ય કે મને સન્માની બોલવા કહ્યું.
- **રાત્રીએ સહુ ઠાકરથાળીનો રાસ રમ્યા. જેમાં અબજીબાપા સંસ્કારધામના ભૂતપૂર્વ વિદ્યાર્થી જયેશ હિરાણી અને તેમની સંગીતમંડળીએ કિર્તન ઉપર સહુને રમાડી મહારાજ બાપાને રાજી કર્યા.**
- **<u>૧૨/૫/૨૦૨૫ :</u>**
- સવારના આરતી કર્યા બાદ સંતોએ જે ઘનશ્યામ મહારાજનો દશાબ્દી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે તે ઘનશ્યામ મહારાજનો ગુલાબના તથા હજારીના ફુલોની પાંદડીઓથી અભિષેક કર્યો. ત્યારબાદ હરિકૃષ્ણ મહારાજનો પંચામૃત, કેશર જળ આદિથી અભિષેક સંતો તથા સર્વે યજમાનો અને હરિભક્તોએ કર્યો. ત્યારબાદ અભિષેક અને પાટોત્સવ નિમિત્તે અન્નકુટ ધરાવી આરતી ઉતારી.
- **<u>૧૨/૫/૨૦૨૫, પંચમ દિન અંતિમ સત્ર :</u>**
- વક્તા મહોદયશ્રીનું પૂજન કરી આરતી ઉતારવામાં આવી. ''માનસચિંતમ્'' મંગલાચરણ કરી સત્સંગિભૂષણ કથા શરૂ કરવામાં આવી.
- જ્યાં પ્રગટ પુરુષોત્તમની કથા થાય છે ત્યાં મહારાજ મુક્ત સહિત સાક્ષાત વિરાજમાન હોય છે. એટલે બાપાશ્રી કાયમ કહેતા કે આ સભામાં મહારાજ અને મુક્ત સદાય વિરાજમાન છે. આ સભા અક્ષરધામની છે. ''હરિકૃષ્ણ હૈયાનો મારો હાર છે જી હો.... પ્રેમાનંદ સ્વામી''
- જ્યાં મહારાજ હોય ત્યાં ધર્મ-ભક્તિ હોય અને ધર્મે સહિત ભક્તિ હોય ત્યાં મહારાજ હોય ને હોય.
- એકવાર મહારાજ ઝમરાડા પધાર્યા. બે દિવસ ગંગારામ દવે ને ત્યાં રોકાયા. ગંગારામ દવેએ પોતાના ગાડામાં મહારાજને બેસાર્યા, ત્યારે મહારાજ બળદના વખાણ કર્યા. ત્યારે ગંગારામ દવે મહારાજને કહે આ બળદ ગાડું અને આ ગાડાવારો તમારા શરણે. એકવાર ગુજરાતથી સરસ મજાની કેરી આવેલ તેમાંથી સરસ કેરી ગંગારામ દવેને પ્રસાદી કરી  મહારાજે આપેલ. ગંગારામ દવેને સંકલ્પ થયો કે મહારાજની જમેલ કેરી આપણે ન જમાય. મહારાજે એમને બ્રહ્મચારી કર્યા, પણ મહારાજનો થાળ ન જમ્યા. કેમ કે મહારાજ બીજાના થાળ જમતા. ''વર્ણાશ્રમનો જંજાળ એવો, ભ્રમણામાં ભૂલાવે.... મુક્તાનંદ સ્વામી'' માટે સમય ઓળખવો. જો એ ધર્મ ભક્તિમાં અડચણ કરે તો નુકસાન જાય તે ઉપર બાપાશ્રીએ આપેલ છાશ, બ્રાહ્મણ જ્ઞાતિના સાંખ્યયોગી બહેન અમરબાઈએ ન લીધી તે વાત કહી.
- પરિક્ષિત રાજા સાત દિવસમાં મૃત્યુ જાણી કથા કરાવતા હતા શુકદેવજી જેવા વક્તા હતા પણ રાસલીલા સાંભળી પરિક્ષિતને સંશય થયો. ધર્મરક્ષક ભગવાન અધર્મ આચરણ કેમ કર્યું? શ્રીજીમહારાજ સગરામના ઝુંપડીએ રાત રહ્યા આવા ભગવાનના ચરિત્રમાં સંશય ન કરવો. આ ચરિત્ર જોઈ બ્રહ્માનંદ

સ્વામીને સંશય ન થયો.

- બાપાશ્રીએ ટપ્પરના છોકરામાં ખજૂરીનો જીવ મૂકી જીવતો કર્યો અને એ છોકરાના જીવને મૂર્તિમાં મૂકી દીધો. આવા અનાદિમુક્ત મળ્યા. એવાને કેમ ભૂલીએ? ''વીતી હોય તે જાણે.....' તે ઉપર સોમચંદબાપાની સ્થિતિની પણ વાત કરી.
- દુઃખના દિવસ લાંબા લાગે, સુખના દિવસ ટુંકા લાગે ઉત્સવ કેમ પૂરો થયો એ ખબર ન પડી.
- આ કથા દરમ્યાન મારાથી કોઈને દુઃખ લાગે એવું કહેવાયું હોય તો તેની ક્ષમા માંગુ છું. મહારાજ-બાપાના ચરણોમાં પ્રાર્થના કરું કે જે કોઈએ આ ઉત્સવમાં તન-મન-ધનથી સેવા કરી છે તેના ઉપર પ્રસન્ન થાય. એટલું કહી મારી વાણીને વિરામ આપું છું. સાથે સાથે બહેનોએ જે સત્સંગ કર્યો તેની નોંધ લેવાઈ.
- **<u>રવજીભાઈ ગોવિંદભાઈ વરસાણી (કેરા):</u>**
- આ સભામંડપ બનાવ્યો તો આપણે કેટલો કામ લાગ્યો એ આ વખતે જ આપણને ખબર પડી ગઈ.
- મહારાજ અને બાપાને પ્રાર્થના કરીએ કે આપણા આ બગીચામાં સંપીને સહુ રહીએ.
- બાપાશ્રીની આ ભૂમિ બાપાશ્રી તથા આપણા વડવાઓ આપી ગયા છે તેની જાળવણી આપણે કરવાની છે.
- **<u>રાકેશભાઈ પટેલ (સુરત):</u>**
- આ સ્થાન દિવ્ય અને ચમત્કારી છે. આશીર્વાદ ભૂમિ છે.
- સ્વયંપ્રકાશસ્વામીએ ૯૪ વર્ષની પોતાની ઉંમરમાં અનેક સિદ્ધ દશાવાળા સંતોના દર્શન કર્યા છે. એ સંતો પણ બાપાશ્રીનો યોગ કરવા આવતા.
- આવા બાપાશ્રીના દિવ્ય સ્થાનમાં આવે તેને હળવાશ અનુભવ થાય છે. તે બાપાશ્રીનો દિવ્યપ્રભાવ છે. જેમ આકાશમાં ગુરૂત્વાકર્ષણનો ભાર નથી જણાતો તેમ અહીં હળવાશ અનુભવાય છે.
- **<u>ગોવિંદભાઈ કલ્યાણભાઈ (પ્રમુખશ્રી)</u>**
- અ.મુ. શ્રી કાનજીબાપા તથા અ.મુ. શ્રી મનજીબાપાએ આ સ્થાન ટ્રસ્ટ બનાવી સમર્પણ કરી એ ટ્રસ્ટમાં આજીવન ટ્રસ્ટીશ્રી કાનજીબાપાના પુત્ર માવજીબાપા તથા બાપાશ્રીના પુત્ર મનજીબાપા રહે તેમ ટ્રસ્ટ બનાવ્યું.
- માવજીબાપા પ્રમુખપદે રહ્યા અને એ વખતે શ્રી ખીમજી રામજી, કરસન હરજી વગેરે ટ્રસ્ટીઓએ આ સ્થાનની જાળવણી કરી.
- એવા સ્થળનો સમયાંતરે વિકાસ થતો ગયો અને સાર્ધ શતાબ્દી મહોત્સવ આ સ્થાને જ થયો હતો ત્યાં આજે ૩૦ વર્ષે સહજાનંદ સભામંડપ નિર્માણ થયો. એવી જ રીતે આગળ જે વિકાસ થાય તેમાં સાથ સહકાર આપતા રહેજો.
- બાપાશ્રી અંતરધ્યાન થયા તેને ૧૦૦ વર્ષ સં. ૨૦૮૪ (ઈ.સ. ૨૦૨૮)માં થશે. ત્યારે પણ આવીજ રીતે સહુ પધારશો.
- આ સ્થાનના બાંધકામ ચાલી રહ્યા છે તેની સંભાળ રાખનારનો આભાર વ્યક્ત કરું છું.
- આ ઉત્સવમાં જે જે સેવા જે જે સ્વયંસેવકો તથા કાયમી સેવકો કરી રહ્યા છે તે સર્વેનો અહીંથી આભાર વ્યક્ત કરૂં છું.
- સાંખ્યયોગી માતાઓ તથા દેશ-વિદેશથી સંતો તથા હરિભક્તો પધાર્યા છે એ સર્વેનો આભાર માનું છું.

આવી રીતે શ્રી ઘનશ્યામ મહારાજ દશાબ્દી મહોત્સવ પૂર્ણ કરી ભોજનપ્રસાદ લઈ સહુ હરિભક્તો પોતપોતાના ગામ પધાર્યા

- અસ્તુ : જય શ્રી સ્વામિનારાયણ

## મૂર્તિ સુખે સુખી થયા

- ગામ અમદાવાદના અક્ષય હીરાલાલ પટેલ ઉ.વ. ૩૪ તા. ૧૭/૨/૨૫ના રોજ મૂર્તિ સુખે સુખિયા થયા છે.
- ગામ મોટા અંકેવાડીયાના કોકિલાબેન નટવરભાઈ પંચોટીયા તા. ૨/૪/૨૫ના રોજ મૂર્તિ સુખે સુખિયા થયા છે.
- ગામ હળવદના હીરજીભાઈ નરસિંહભાઈ દલવાડી ઉ.વ. ૭૦ તા. ૬/૪/૨૫ના રોજ મૂર્તિ સુખે સુખિયા થયા છે.
- ગામ બળદિયાના રામબાઈ લક્ષ્મણ કેરાઈ ઉ.વ. ૮૦ તા. ૨૦/૪/૨૫ના રોજ મૂર્તિ સુખે સુખિયા થયા છે.
- ગામ બીલીમોરાના ડૉ. જયંતિલાલ નાગરદાસ આદેશરા તા. ૨૪/૪/૨૫ના રોજ મૂર્તિ સુખે સુખિયા થયા છે.
- સામાન્ય પરિસ્થિતિ હોવા છતાં હળવદમાં પોતાનો પ્લોટ બહેનોના મંદિર માટે અર્પણ કર્યો છે એવા હળવદવાસી મૂ.નિ. ઠાકરસીભાઈ પ્રભુભાઈ વાઘ્રોડિયા ઉ.વ. ૬૨, સંવત ૨૦૮૧ વૈશાખ વદ-૩ તા. ૧૫/૫/૨૫ને ગુરુવારે સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરતા કરતા મૂર્તિના સુખે સુખી થયા છે.
- **શ્રીજીમહારાજ તેમને પોતાની મૂર્તિનું સુખ વિશેષ ને વિશેષ આપે અને તેમના પરિવારને ધીરજ અને બળ આપે એવી શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના ચરણોમાં પ્રાર્થના........**

શ્રી અબજીબાપા સંસ્કારધામના વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સવ પ્રારંભે સ્વાગત ગીત પર નૃત્ય




શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલ તથા શ્રી ઘનશ્યામ એકેડેમી, છતેડીધામના વિદ્યાર્થીઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ



શ્રી ઘનશ્યામ મહારાજ શતાબ્દી મહોત્સવ તેમજ એસ.એસ.સી. ના ૧૦૦ ટકા પરિણામ અપાવવા બદલ
શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર સંચાલિત બન્ને અંગ્રેજી અને ગુજરાતી માધ્યમના શિક્ષકોને
શ્રી અબજીબાપાની છતેડી અને શ્રી નારાયણ મામા સેવકવૃંદ તરફથી પ્રોત્સાહિત ઈનામ




મહિલા દાતા, યજમાન તથા સેવીકાઓનું સાં.યો. બહેનો દ્વારા સન્માન
























વિવિધ સેવા કરતા સેવાર્થીઓ























દાતાશ્રી, યજમાનશ્રી તથા સેવકશ્રીઓનું સન્માન

























MURTI
MAY - JUNE 2025
Year - 22 : Issue - 5/6

Gujarati Monthly. RNI No. GUJGUJ/2004/52455. Permitted to Post at Bhuj Sorting Office on Date 13th of every month under Postal Registration No. G/KCH/173/2025-2027. Licence to post without pre-payment No. G-PMG-RJT/030/2025



સહજાનંદ મંડપમ્ ઉદ્‌ઘાટન પ્રસંગે હોમાત્મક પૂજા



કેશવમુનિ ગૌશાળા ઉદ્‌ઘાટન



પોથીયાત્રા



પારાયણ મહાપૂજા



સહિંતાપાઠ



યજમાનશ્રીઓનું સન્માન



પારાયણ આરતી

-: Publisher :-
Shree Abjibapani Chhatedi & Hanumanji Mandir,
Post : Baladia, Ta.: Bhuj, Dist : Kachchh,
GUJARAT : PIN - 370427.
Contact No. 90990 49282 / 90990 49284

Printed and Published by Kalyan Naran Vekaria, on behalf of Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Printed at Swastik Printers - Basement Pindoriya Chambers , New Station Road, Bhuj-Kachchh. 370001 and Published at Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Po. Baladia, Bhuj-Kachchh. Editor : Kalyan Naran Vekaria